**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૮૨ ટકા

# આજકાલ શહેર લીલુંછમ્મ લાગે છે

## માર્ગોએ લીલી ચાદર ઓઢી હોય તેવાં દૃશ્યો જોવા મળી રહ્યા છે





ગાંધીનગર, તા.૩૧

ગ્રીનસીટી ગાંધીનગર ચોમાસાની સીઝનમાં વધુ હરીયાળું બની ગયું છે. ધીમા ધીમા વરસાદની વચ્ચે માર્ગોની આસપાસ લીલુ ઘાસ ઉગી નીકળતા શહેરમાં મનોરમ દશ્યો સર્જાયા છે. નગરે જાણી લીલી ચાદર ઓઢી હોય તેવા દશ્યો જોવા મળી રહ્યા છે.

ગાંધીનગર ગુજરાતનું એક અભિન્ન અંગ ગણાય છે. ગાંધીનગરનું આયોજન હરિયાળી ઉદ્યાનનગરી તરીકે કરવામાં આવ્યું છે. સમગ્ર ગાંધીનગરમાં કુલ ૩૪૨ કિમીના માર્ગો છે. ગાંધીનગરને હરિયાળું બનાવા દર વર્ષે ઘનિષ્ઠ વૃક્ષારોપણ કરવામાં આવે છે. પરિણામે ગાંધીનગર લીલુછમ્મ અને હરિયાળું વર્તાય છે. આપણા શહેરને ગુજરાતમાં સૌથી વધુ વક્ષો ધરાવવાનું માન મળેલ છે. ગાંધીનગરમાં રસ્તાની બે બાજએ તથા કોતરોમાં જમીનનું ધોવાણ અટકાવવા વૃક્ષોનું વાવેતર કરાયું છે. તેના કારણે નગરના માર્ગની આસપાસ જાણે માર્ગોએ લીલી ચાદર ઓઢી હોય તેવો નજારો જોવા મળે છે તથા માર્ગોની વચ્ચે રંગબેરંગી ફૂલો ઉગી નીકળતા શહેરના માર્ગો ખૂબ જ સુંદર દેખાઈ રહ્યા છે. ધીમા ધીમા વરસાદની સાથે શહેરમાં લીલોતરી ઉગી નીકળી છે. તેથી આખું નગર લીલુછમ્મ થઈ ગયું છે. જમીનમાંથી ઉગી નીકળતું લીલુછમ્મ ઘાસ, સફેદ બિલાડીના ટોપ, લાલ લાલ ગોકળગાય વગેરે કુદરતની કરામત જોવા લાયક છે. ગાંધીનગર ૫૭મો જન્મદિવસ ઉજવી રહ્યું છે ત્યારે શહેરને મળેલું ગ્રીનસીટીનું લેબલ ફરીથી યાદ આવી રહ્યું છે. નગરમાં જોવા મળી રહેલી ગ્રીનરી જાણે ગાંધીનગરને પોતાના જન્મદિવસની શુભેચ્છાઓ આપી રહી છે અને ફૂલોથી સ્વાગત કરી રહ્યું છે તેમ સુંદર વાતાવરણ છવાઈ ગયું છે. વધતા જતા વિકાસના કારણે વૃક્ષોનું છેદન કરવામાં આવે છે પરંતુ વૃક્ષ પ્રેમીઓ દ્વારા ઠેર ઠેર વૃક્ષારોપણ કરી ગાંધીનગરની ગ્રીનરીને નાના બાળકની જેમ સાચવવામાં આવી રહી છે. વિવિધ સંસ્થાઓ દ્વારા નાગરિકોમાં વૃક્ષો પ્રત્યે જાગૃતતા કેળવવામાં આવતા આજે આપણું ગાંધીનગર હરિયાળું દેખાઈ રહ્યું છે.

ગાંધીનગરના કુલ ૩૦ સેકટરમાં માર્ગો વિભાજિત થયેલા છે ત્યાં ઠેર ઠેર નાના મોટા વૃક્ષો ઉગાડવામાં આવ્યા છે. દરેક માર્ગ વિવિધ પ્રકારના ફૂલ છોડથી રળિયામણાં લાગે છે. આથી વૃક્ષો અને ફૂલોથી હરિયાળા અને સુંદર લાગતા ગાંધીનગરને 'ગ્રીનસીટી' તરીકે ઓળખવામાં આવે છે.

કોરોના લોકડાઉનમાં ઉદ્યોગો બંધ રહેવા સાથે પરિવહન પાબંદી, બાંધકામ, રસ્તાની ધૂળ, લેન્ડફિલ ફાયર, હોટલો, રેસ્ટોરન્ટ અન્ય કારખાના, ગૃહઉદ્યોગો, વાહનો સહિતના બંધ રહેવાથી હકારાત્મક અસરો પર્યાવરણ પર પડી છે.

ગાંધીનગરમાં ફૂલછોડે એક આગવી ઓળખ ઉભી કરી છે. જયારે કોઈ પણ જગ્યાએથી પાછા વળતાં ગાંધીનગરમાં પ્રવેશો ત્યારે એક અલગ જ ઠંડક પ્રસરી જાય છે. નગરની હવા એક અલગ જ અનુભૂતિ કરાવે છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ પર્યાવરણ બચાવ માટે વિવિધ કાર્યો હાથ ધરાતા હોય છે. જેમાં વૃક્ષારોપણ પણ એક અગત્યનો ભાગ છે. વન વિભાગ દ્વારા આ વખતે ઘણા બધા રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું છે. શહેરીજનોએ વૃક્ષો પ્રત્યે પ્રેમ જાગૃત કર્યો છે અને નાના બાળકો તો શાળામાંથી શીખી જ રહ્યા છે. શિક્ષકો દ્વારા વૃક્ષારોપણ વિશે હંમેશા માર્ગદર્શન આપવામાં આવે છે અને બાળકો વક્ષોને પ્રેમ કરતા પોતાના ઘરે વૃક્ષો વાવી રહ્યા છે. આ બાળકો જ ભવિષ્યમાં ગાંધીનગરને લીલુછમ્મ રાખવામાં કારગત નીવડવાના છે. વધતી વસ્તી ગીચતા સાથે વિકાસ પણ વધી રહ્યો છે. પરંતુ નાગરિકોએ વૃક્ષોની જાળવણી કરતા રહેવું પડશે. વન વિભાગ દ્વારા વૃક્ષોની ગણતરી કરાઈ છે જેમાં આજુબાજુના ગામોમાં અગાઉના વર્ષો કરતા ઓછા વૃક્ષો ગણતરીમાં આવ્યા છે. આ એક ધ્યાનમાં લેવાની બાબત છે. વૃક્ષો જ વરસાદ લાવે છે. વૃક્ષો ઓકિસજન આપે છે. વૃક્ષો જ ફળ, ફૂલ, શાકભાજી આપે છે. વૃક્ષો આપણા મિત્રો છે તેમ માનીને વૃક્ષારોપણ કરતા રહેવું દરેક નાગરિકની ફરજ છે.

## જન્મદિને વધામણી



મનીષાબેન પટેલ
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના
મો. ૯૮૨૪૧ ૩૨૩૪૪



લાભશંકર સી રાવલ
મો. ૮૪૮૮૦ ૯૪૨૬૭



દામીની રાવલ
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના
મો. ૯૦૯૯૦ ૯૨૦૨૬



પોપટલાલ એસ પ્રજાપતિ
મો. ૯૮૨૫૪ ૫૩૪૮૫



ભૂમિ જોગાણી
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના
મો. ૯૮૨૫૦ ૧૩૮૨૦



જયેશ તન્ના
આસિ. પ્રોફેસર
બીબીએ કોલેજ, ગાંધીનગર
મો. ૯૯૨૪૧ ૧૨૨૭૦



દેવાલાલ મણિલાલ નાયી
મો. ૯૯૨૪૭ ૪૬૨૫૬



ભાવના વ્યાસ
ભાવના એડ એજન્સી
મો. ૯૮૨૫૦ ૩૯૦૨૪




લાભુભાઈ જે ગોર
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ



કાંતિભાઈ પટેલ
નિવૃત્ત મેનેજર, સર્કિટ હાઉસ
મો. ૯૮૨૪૧ ૩૨૩૪૪



વીરાભાઈ પી ઠાકોર
રેડક્રોસ, ગાંધીનગર




ભારતીબેન જોષી



ભાનુકાન્ત પી. પરમાર



અંશુમાનસિંહ વિશાલસિંહ ડોડીયા
મો. ૯૯૯૮૭ ૩૪૧૪૬



કાર્તિક રાજપુરોહિત



રીતેશકુમાર સોની

## સ્વામિનારાયણ પોલિટેકનિકમાં ઓટોમોબાઈલ વર્કશોપનું ઉદઘાટન



ગાંધીનગર, તા.૩૧

શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક, સેકટર-૨૨ ખાતે સંસ્થામાં વિદ્યાર્થીઓને ભણતર સાથે પ્રેકટીકલ સ્કિલ આપવામાં ખાસ ભાર મુકવામાં આવે છે. ઓટોમેશન અને EV ઓટોમોબાઈલ ક્રાંતિમાં ભાવિ યુવાનો તૈયાર થાય તેમજ પ્રોફેશનલ સ્કીલનો વિકાસ થાય તે હેતુથી સંસ્થામાં અદ્યતન સાધનોવાળા ઓટોમોબાઈલ વર્કશોપ એન્ડ સ્કિલ સેન્ટરનું નિર્માણ કરાયું છે. ૩૧ જુલાઈના રોજ આ વર્કશોપનું ઉદઘાટન ગોરધનભાઈ ઝડફિયા (વાઈસ પ્રેસિડેન્ટ ભારતીય જનતા પાર્ટી), હરિપ્રકાશસ્વામીજી (સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી), જ્ઞાનપ્રકાશસ્વામી, શ્રી રામકૃષ્ણ સ્વામીજી, ધર્મેશ વડરા (પ્રિન્સિપાલ), શિવજીભાઈ પટેલ (ટ્રસ્ટી), ભાવિક શાહ (ડિરેકટર)ના હસ્તે ઉદઘાટન કરાયું હતું. આ અત્યાધુનિક ઓટોમોબાઈલ વર્કશોપનો ઉદ્દેશ સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અદ્યતન જ્ઞાન સાથે વ્યવહારિક કુશળતા કેળવી શકાય તેમ છે.

## આમ આદમી પાર્ટીમાં ભાજપ-કૉંગ્રેસના જિલ્લા અગ્રણીઓ જોડાયા

ગાંધીનગર, તા.૩૧

આજે આમ આદમી પાર્ટીના ગાંધીનગર જિલ્લા કાર્યાલય ખાતે ભાજપ તથા કોંગ્રેસના જિલ્લાના આગેવાનો મોટી સંખ્યામાં આપમાં જોડાયા હતા. આજે આમ આદમી પાર્ટીનો ખેસ પહેરી આપમાં જોડાનારા અગ્રણી ગાંધીનગર જિલ્લા કૉન્ગ્રેસના એસસી સેલના ચેરમેન સંજયભાઈ વાઘેલા તથા તેમની ટીમ ઉપરાંત રૂપાલ ગામના ભાજપના યુવાનો જીતુભાઈ જાદવ, મલ્કેશભાઈ પટેલ અને તેમની ટીમના ૧૫ જેટલા અગ્રણીઓનો સમાવેશ થાય છે. આ પ્રસંગે આમ આદમી પાર્ટીના ઝોન પ્રભારી શિવકુમાર, ઝોન સંગઠન મંત્રી હસમુખભાઈ પટેલ, સહ સંગઠન મંત્રી અભિષેક અને વિજય આચાર્ય, પ્રદેશ મહીલા આગેવાન તથા ટીવી કલાકાર કિરણ ત્રિવેદી, જૈવલબેન તેમજ ગાંધીનગર જિલ્લા પ્રમુખ મુકેશભાઈ પટેલ સહિત આમ આદમી પાર્ટીના શહેર તથા જિલ્લા સંગઠનના હોદ્દેદારો તથા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



## ગાંધીનગરના જન્મ દિવસે ગાંધીનગર સાહિત્યસભાની ઓનલાઈન મહેફિલ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા ગયા વર્ષે કોરોના વૈશ્વિક મહામારીના સમયમાં પણ ગાંધીનગર પ્રત્યે પ્રેમ જતાવવા ગાંધીનગરની પ્રથમ ઈંટ મુકાઈ હતી ત્યાં નાનકડો કાર્યક્રમ કર્યો હતો.

ગાંધીનગર જન્મ દિવસે આ વખતે હજુ પણ સંયમિત રીતે કાર્યક્રમ કરવા ઓનલાઈન મહેફિલનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર સાહિત્યસભાના મહામંત્રી શ્રી રમેશભાઈ ઠક્કર દ્વારા 'મારું ગાંધીનગર...' કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં ગાંધીનગર સાહિત્યસભાના સભ્યોને એમની સ્વરચિત રચનાઓ સાથે હાજર રહેવા જણાવ્યું છે. ગાંધીનગર સાહિત્યસભા સોમવારે બીજી ઓગસ્ટના રોજ સાંજે સાડા સાત વાગ્યે ઝુમ એપ્લિકેશન પર આ મહેફિલ સજાવશે અને એમાં શહેરના અવનવા સંસ્મરણો પણ શહેરના સાહિત્યકાર તરફથી જાણવા મળશે એમ ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે જણાવ્યું છે. સાહિત્ય પ્રેમીઓ આ કાર્યક્રમમાં શ્રોતા તરીકે જોડાય એ માટે હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું હતું.

## આજથી ગુજરાત સાયન્સ સિટીની મુલાકાત માટેના સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર પાસેના સરદાર પટેલ રિંગ રોડ નજીક સ્થિત ગુજરાત સાયન્સ સિટી ખાતે એકવેટિક અને રોબિટીક્સ ગેલેરીઓનું વડાપ્રધાન દ્વારા ગત તા. ૧૬મી જુલાઈએ લોકાર્પણ કરવામાં આવ્યું હતું અને તા.૧૭મી જુલાઈથી જાહેર જનતા માટે ખુલ્લુ મૂકવામાં આવ્યું છે. લોકાર્પણ થયું ત્યારથી જ ગુજરાત સાયન્સ સિટીને ખૂબ જ બહોળો પ્રતિસાદ મળ્યો છે અને મોટી સંખ્યામાં ઉત્સાહી મુલાકાતીઓનો ધસારો રહ્યો છે. વર્તમાન કોવિડ-૧૯ની પરિસ્થિતિ અને સંક્રમણ થવાની શક્યતાઓને ધ્યાનમાં રાખીને તથા ગેલેરીઓનું સંચાલન સરળતાથી કરી શકાય તે અંતર્ગત સાયન્સ સિટીએ મુલાકાતીઓ માટેના સમયમાં ફેરફાર કર્યા છે.

સાયન્સ સિટી ખાતે તા.૧લી ઓગષ્ટથી જાહેર મુલાકાતીઓ માટે સવારે ૧૦ કલાકથી સાંજે ૮.૩૦ કલાક સુધી ખુલ્લુ રહેશે. સાયન્સ સિટી ખાતે પ્રવેશ સવારે ૧૦.૦૦ વાગ્યાથી શરૂ થશે અને ગેલેરીઓમાં પ્રવેશ માટે નો છેલ્લો સમય સાંજે ૭ વાગ્યા સુધીનો રહેશે તથા સાયન્સ સિટી ૮.૩૦ કલાકે બંધ થશે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના તેરમા સ્થાપના દિનની ભવ્ય ઉજવણી સંપન્ન



ગાંધીનગર, તા.૩૧

૩૧ જુલાઈ, ૨૦૦૯માં ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે સ્થપાયેલી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ તેની વિકાસયાત્રાનાં ૧૨ વર્ષ પૂર્ણ કર્યાં છે. યુનિવર્સિટી તેના તેરમા વર્ષના યશોદાયી પડાવને પાર કરવા તરફ પગરણ માંડી રહી છે ત્યારે બાર વર્ષનાં સુખદ સંભારણાંની ઉજવણી અને તેરમા વર્ષની સંકલ્પસિદ્ધિનું પર્વ તારીખ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના સભાખંડમાં યોજાયું હતું. આ કીર્તિમાન પ્રસંગે સમગ્ર કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ગુજરાતના માનનીય શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા, અતિથિવિશેષ તરીકે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના અગ્રસચિવ શ્રી એસ.જે. હૈદર, ધારાસભ્ય શંભુજી ઠાકોર અને ઉપાધ્યક્ષ તરીકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પ્રથમ અને વર્તમાન કુલપતિ માનનીય શ્રી હર્ષદભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત યુનિવર્સિટીના કુલસચિવ શ્રી અશોકભાઈ પ્રજાપતિ, ઈ.સી. મેમ્બર્સ અને અન્ય આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે યુનિવર્સિટીની ૧૨ વર્ષની વિકાયાત્રા અને યશગાથાને દૃશ્યશ્રાવ્ય રૂપે રજૂ કરવામાં આવી હતી અને આવનાર પાંચ વર્ષનું યુનિવર્સિટીના વિકાસનું ચિત્ર પણ રજૂ કરવામાં આવ્યું હતું. ટોય હાઉસના નિર્માણમાં આર્થિક સહયોગ પૂરો પાડનાર બી.પી.સી.એલ.ના અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સ્ટડી સેન્ટરના સંચાલકોને માન્યતાપત્ર, નવાં વિદ્યાનિકેતનો અને તપોવન કેન્દ્રોને માન્યતાપત્ર તેમજ કલામૃતમ - ૨૦૨૧ માટે નોંધાયેલ 'ગોલ્ડન બુક ઓફ વર્લ્ડરેકોર્ડ' માટે પ્રમાણપત્ર શ્રી શિક્ષણમંત્રીના હસ્તે અર્પણ કરવામાં આવ્યાં હતાં. યુનિવર્સિટીએ છેલ્લાં બે વર્ષમાં ભરેલી વિકાસની હરણફાળનું એક ઉમદા શબ્દચિત્ર મા.કુલપતિ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની ભૂમિકા સમાજમાં અનેક યુનિવર્સિટીની વચ્ચે 'ફાઉન્ડેશન સ્ટોન' તરીકે પ્રસ્થાપિત કરવી પડશે એમ જણાવતાં મા.અગ્રસચિવ હૈદરે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની પ્રવૃત્તિઓ અને પ્રકલો જોતાં જરૂરી તમામ વહીવટી પ્રક્રિયામાં મદદરૂપ થવાની ખાતરી આપી હતી. વિશ્વ ગુરુની સંકલ્પના ઉત્તમ મનુષ્ય તરીકે સિદ્ધ થશે. તે ઉત્તમ મનુષ્યના ઘડતરને સાચવી લેવા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનાં ઉદ્દેશો અને કાર્યો જ કામે લાગશે એમ જણાવતાં મા. શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ સાફલ્યટાણાના સાક્ષી બન્યાનો આનંદ વ્યકત કરવાની સાથે કુલપતિશ્રી, કુલસચિવશ્રી અને યુનિવર્સિટીની સમગ્ર ટીમને ઉજ્જવળ ભાવિની શુભેચ્છાઓ પાઠવી હતી.

## શહેરના યુવા અગ્રણી દિવ્ય ત્રિવેદી દ્વારા કેન્દ્રીય મંત્રીઓની મુલાકાત



ગાંધીનગર, તા.૩૧

વેસ્ટર્ન રેલ્વેના પશ્ચિમ ઝોનના સલાહકાર સમિતિના સભ્ય એડવોકેટ અને યુવા અગ્રણી દ્વારા પુરુષોત્તમ રૂપાલા (કેબીનેટ મંત્રી), કિશન રેડ્ડી (કેબીનેટ મંત્રી) તથા અજય મિશ્રા (ગૃહ રાજય મંત્રી), જયશંકર (વિદેશ મંત્રી), રવિ કિશનજી (સાંસદ)નું સન્માન કરી શુભેચ્છા મુલાકાત કરી હતી. જેમાં દિવ્ય ત્રિવેદીએ પશ્ચિમ ઝોનના રેલ્વેના પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરી માર્ગદર્શન મેળવ્યું હતું તેમજ અશ્વિની વૈષ્ણવ (રેલમંત્રી)એ રેલ્વેને લગતા ગુજરાતના પ્રશ્નોને ઝડપથી ઉકેલી મુસાફરોને વધુ સગવડ પુરી પાડવા માટેની ખાતરી આપી હતી.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. વાઘેલા સુરેશ કાળુભાઈ, ઉ.વ. ૩૫, સે-૩૦, જીટીએસ છાપરાં
- સ્વ. વાઘેલા રણજીતસિંહ શંભુજી, ઉ.વ. ૬૨, દેલવાડ, માણસા
- સ્વ. રાણા ભાવનાબેન પ્રવિણસિંહ, ઉ.વ. ૫૧, નવા ધરમપુર
- સ્વ. ટાંક ગુલાબબેન મોહનલાલ, ઉ.વ. ૭૬, સેકટર-૧

● રૂદ્રભૂમિ ●

- સ્વ. ગોલ રણજીતસિંહ ભીખાજી, ઉ.વ. ૩૫, સેકટર-૫
- સ્વ. પ્રજાપતિ ભાનુભાઈ શીવલાલ, ઉ.વ. ૭૭, સરગાસણ